સૌરાષ્ટ્ર-કચ્છમાં લમ્પી વાયરસનો કહેર

ગુજરાતના ૧૧ જિલ્લામાં પહોંચ્યો ખતરનાક લમ્પી વાયરસ : ૧૪૪ પશુ ટપોટપ મર્યા : ૫૩૬ ગામડાંમાં લમ્પી વાયરસની અસર, સૌરાષ્ટ્ર, કચ્છમાં અત્યાર સુધી ૨૫,૯૦૦ પશુઓનું વેક્સિનેશન

રાજકોટ,તા.૨૩

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં લમ્પી વાયરસનો કહેર જોવા મળી રહ્યો છે. એક બે નહિ, ગુજરાતના ૧૧ જેટલા જિલ્લામાં આ ખતરનાક વાયરસ પશુઓની જિંદગી રંજાડી રહ્યો છે. સૌરાષ્ટ્ર કચ્છમાં લમ્પી વાઇરસથી ૧૪૪ પશુઓના મોત થયા છે. સૌરાષ્ટ્ર કચ્છના ૫૩૬ ગામડાઓમાં લમ્પી વાયરસની અસરો મોટાપાયે દેખાઈ રહી છે. ગામડાઓ લમ્પી વાઇરસથી ખેડૂતો અને માલધારીઓ ગભરાટ જોવા મળી રહ્યો છે. જો એક પણ પશુધનને આ વાયરસનો ચેપ લાગે તો પળવારમાં મોત થતા વાર લાગતી નથી. આ માટે ગુજરાત સરકારે યુદ્ધ ધોરણે રસીકરણની કામગીરી શરૂ કરી દીધી છે. હાલમાં રાજ્યના સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના ૧૧ જિલ્લાઓમાં આ રોગના લક્ષણો જોવા મળ્યાં છે, જેમાં દેવભુમિ-દ્વારકા, જામનગર, કચ્છ, રાજકોટ, પોરબંદર, સુરેન્દ્રનગર, જુનાગઢ, મોરબી, ભાવનગર, અમરેલી અને સુરત જિલ્લાના પશુઓમાં આ રોગ જોવા મળ્યો છે. હાલ સ્થિતિ એવી છે કે, હાલ રાજકોટ ૨૬ ગામડામાંથી ૧૭૨ ગાયોમાં લમ્પીના લક્ષણો જોવા મળી રહ્યા છે. તો ગ્રામ્ય વિસ્તારમાં અનેક

દુધાળા પશુઓ લમ્પી વાયરસની ઝપટે ચઢ્યા છે. સૌરાષ્ટ્ર કચ્છમાં અત્યાર સુધીમાં ૨૫,૯૦૦ પશુઓમાં વેક્સીનેશન થયું છે. રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા લમ્પી હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. જોકે, જિલ્લા પંચાયત સહિતના વિભાગોએ વેક્સિનેશન વધારવાની જરૂરિયાત છે.

કચ્છ અને જામનગર જિલ્લાના પશુધનમા વ્યાપક પ્રમાણમાં જોવા મળેલા રોગચાળા અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ રોગચાળા સામે રક્ષણાત્મક ઉપાયો હાથ ધરવા ખાસ સૂચનાઓ આપી છે. મુખ્યમંત્રીએલે પશુધનમાં લમ્પી સ્કીન ડિસીઝના ઈલાજ તથા પશુઆરોગ્ય રક્ષા માટે પશુપાલન નિયામકને આ બે જિલ્લાઓમાં પુરતા વેક્સિનેશન, દવાઓના જથ્થા સાથે વધારાની મેડીકલ ટીમ તાત્કાલિક ધોરણે મોકલવા સુચનાઓ આપી છે. આ અસરગ્રસ્ત જિલ્લાઓમાં અન્ય જિલ્લામાંથી વેટરનરી ડૉકટરોની વધારાની ટીમ પહોચાડીને સત્વરે રસીકરણ અને રોગ રક્ષણાત્મક ઉપાયો હાથ ધરવા પણ તાકીદ કરી છે. તો બીજી તરફ, કૃષિ-પશુપાલન મંત્રી રાઘવજી પટેલે કહ્યુ કે, રાજયમાંથી લમ્પી સ્કીન ડિસીઝને નાથવા વ્યાપક રસીકરણ અને સઘન સારવાર પૂરી પાડવામાં આવી રહી છે. રાજ્યમાંથી લમ્પી સ્કીન ડિસીઝને નાથવા વ્યાપક રસીકરણ અને સઘન સારવાર પૂરી પાડવામાં આવી રહી છે. લમ્પી સ્કીન ડીસીઝથી ગભરાવાના બદલે તકેદારી રાખવી. હાલમાં રાજયમાં રસીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ: સૌરાષ્ટ્ર અને કચ્છમાં ૩ લાખ જેટલા પશુઓનું રસીકરણ કરાયું છે. પશુઓમાં આ રોગના ચિહ્નો જણાય તો હેલ્પલાઈન નંબર ૧૯૬૨ પર સંપર્ક કરી શકાશે.

પ્રોજેક્ટમાં ફેરફારની મંજૂરી ન હોવા છતાં પૈસા ઊઘરાવવા બદલ બિલ્ડરને ૭ લાખનો દંડ

ખોટા કામ બિલ્ડર સામે રેરાની લાલ આંખ : પ્રોજેક્ટના ઈન્સ્પેક્શન દરમિયાન માલુમ પડ્યું હતું કે, તેના ૧૯૪ યુનિટ વેચી દેવાયા છે અને યુનિટની કુલ કોસ્ટના ૧૦ ટકા ખરીદદારો પાસેથી લઈ લેવાયા છે

અમદાવાદ, તા.૨૩

સુરતના એક બિલ્ડરને એગ્રિમેન્ટ કર્યા વિના જ ખરીદદારો પાસેથી પ્રોપર્ટીની કિંમતની ૧૦ ટકા રકમ લઈ લેવા ઉપરાંત પ્રોજેક્ટમાં ફેરફારને મંજૂરી ના મળી હોવા છતાંય બુકિંગ લેવાનું શરુ કરી દેતા રેરા દ્વારા સવા સાત લાખ રુપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. અહેવાલ અનુસાર, અરિહંત એસોસિએટ્સે રાજ ટેક્સટાઈલ ટાવર નામના એક પ્રોજેક્ટનું રેરામાં રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. આ પ્રોજેક્ટની કોસ્ટ ૨ ૩૯ કરોડ રુપિયા દર્શાવાઈ હતી, પ્રમોટર્સે કન્સ્ટ્રક્શન શરુ કરીને કેટલાક યુનિટ વેચી પણ દીધા હતા. ત્યારબાદ પ્રમોટર દ્વારા પ્રોજેક્ટમાં સામાન્ય ફેરફાર કરવા માટે રેરામાં ૨૯ ઓક્ટોબર ૨૦૨૧ના રોજ અરજી આપવામાં આવી હતી.

જોકે, પ્રોજેક્ટના ઈન્સ્પેક્શન દરમિયાન માલુમ પડ્યું હતું કે, તેના ૧૯૪ યુનિટ વેચી દેવાયા છે અને યુનિટની કુલ કોસ્ટના ૧૦ ટકા ખરીદદારો પાસેથી લઈ લેવાયા છે, જે રેરા એક્ટની કલમ ૧૩ (૧)નો ભંગ કરે છે. નિયમ અનુસાર, જો પ્રમોટર યુનિટની કિંમતના ૧૦ ટકાથી વધુ ખરીદદાર પાસેથી વસૂલ કરે તો તેના માટે એગ્રિમેન્ટ કરવું ફરજિયાત છે. આ સિવાય રેરા ઓથોરિટીના ધ્યાન પર એ બાબત પણ આવી હતી કે પ્રોજેક્ટમાં ફેરફાર કરવા માટે જે અરજી આપવામાં આવી હતી તેના પર કોઈ નિર્ણય લેવાય તે પહેલા જ ૨ ૨૯ યુનિટનું બુકિંગ લેવાયું હતું અથવા વેચાણ કરવામાં આવ્યું હતું, જે રેરા એક્ટના સેક્શન ૩નો ભંગ કરે છે.

આ મામલે રેરા ઓથોરિટીએ સુઓ મોટો દાખલ કરીને પ્રોજેક્ટની ડિઝાઈનમાં ફેરફારની અરજી અંગે કોઈ નિર્ણય લેવાય તે પહેલા યુનિટ્સનું બુકિંગ લેવા બદલ પ્રમોટરને નોટિસ ફટકારી હતી. પ્રમોટરે વેચાણ કરેલા ૫૩માંથી માત્ર ૯ યુનિટ માટે જ વેચાણ કરાર કર્યો હતો. આ અંગે તેણે રેરા સમક્ષ રજૂ કરેલી વિગતોને ફગાવી દેતા તેને સેક્શન ૬ના ભંગ બદલ ૬ લાખ અને કલમ ૧૩ (૧)ના ભંગ બદલ ૧.૨૫ લાખ રુપિયાનો દંડ ફટકાર્યો હતો.

રેરા એક્સપર્ટ મહાદેવ બિરલાએ અમદાવાદ મિરરને જણાવ્યું હતું કે, મંજૂર થયેલા પ્લાનના લેઆઉટ, સ્પેસિફિકેશન, એનિમિટિઝ તેમજ અન્ય કોઈપણ બાબતમાં ફેરફાર કરતા પહેલા રેરાની મંજૂરી લેવી આવશ્યક છે. આ ફેરફારને રેરાની મંજૂરી મળે ત્યારબાદ જ અપાર્ટમેન્ટ, પ્લોટ કે પછી બિલ્ડિંગની ડિઝાઈન સહિતની કોઈપણ બાબતમાં ફેરફાર કરી શકાય છે. તેના માટે પ્લાન બદલતા પહેલા રેરા સમક્ષ ફરી અરજી કરવાની રહે છે.

ખાનગી બસમાં મુંબઈથી લવાતા એમડી ડ્રગ્સ સાથે ત્રણ ઝડપાયા

અમદાવાદ શહેરમાં ફરી એકવાર ડ્રગ્સનો જથ્થો ઝડપાયો : NCBની ટીમે સીટીએમ ટોલ પ્લાઝા પાસે વોચ ગોઢવીને આરોપીને ૪૦૦ ગ્રામ એમ.ડી. ડ્રગ્સના જથ્થા સાથે ઝડપી લીધા છે

અમદાવાદ,તા.૨૩

શહેરમાં ફરી એકવાર ડ્રગ્સનો જથ્થો ઝડપાયો છે. મુંબઈથી ડ્રગ્સ લઈને આવી રહેલા આરોપી સહિત કુલ ત્રણ આરોપીઓની એન.સી.બી.એ ધારપડક કરી છે. નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોની ટીમને બાતમી મળી હતી કે મુંબઈથી આવતી એક ખાનગી લકઝરી બસમાં એક યુવક એમડી ડ્રગ્સનો જથ્થો લઈને અમદાવાદમાં આવી રહ્યો છે. જે બાતમીના આધારે દ્રઝમ્ની ટીમે સીટીએમ ટોલ પ્લાઝા પાસે વોચ ગોઢવીને આરોપીને ૪૦૦ ગ્રામ એમ.ડી. ડ્રગ્સના જથ્થા સાથે ઝડપી લીધા છે. ઉલ્લેખનીય છે કે એક દિવસ પહેલા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ પોલીસે શહેરમાં એમડી ડ્રગ્સનો નશો કરવાના અને વેચવાના ગુનામાં એક ૨૨ વર્ષીય પંજાબી યુવતીની ધરપકડ કરી હતી. આ મામલે તપાસ દરમિયાન સામે આવ્યું કે પકડાયેલા ત્રણેય આરોપીઓ અમદાવાદના છે. જેમાં સાજીદ મિયાં નામનો વ્યક્તિ મુંબઈ ડ્રગ્સ લેવા માટે ગયો હતો. જ્યારે ડ્રગ્સની ડિલીવરી લેનાર બે વ્યક્તિઓમાં વજુદ્દીન શેખ અને તેની પત્ની સફીના શેખ છે. દંપતી જુહાપુરા વિસ્તારનાં રહેવાસી છે. પકડાયેલા ડ્રગ્સની તપાસ કરતા તેનું અંદાજીત વજન ૪૦૦ ગ્રામ હોવાનું ખુલ્યું છે. ડ્રગ્સની બજાર કિંમત ૨૫ લાખ રૂપિયાથી પણ વધુ થાય છે. દ્રઝમ્ની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે પકડાયેલા આરોપીઓ આ રીતે મુંબઈથી ડ્રગ્સ લાવી અમદાવાદનાં પેડલરોને વેચી દેતા હતા. ઝડપાયેલા આરોપીઓ અત્યારસુધીમાં કેટલુ ડ્રગ્સ અમદાવાદમાં લાવ્યા છે? કોની પાસેથી લાવતા હતા? અમદાવાદમાં અન્ય કોણ કોણ ડ્રગ્સ પેડલરો આ રેકેટમાં સામેલ છે? તે દિશામા દ્રઝમ્ એ તપાસ શરૂ કરી છે.

અમદાવાદની ગુજરાત કોલેજ પાસે ભુવો પડ્યો છે. વાહનચાલકોને પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે.

એક સમયે કાગડોળે ચોમાસાની રાહ જોતાં ગઢેચીના લોકો હવે તેનાથી ફફડે છે

ચાર મહિના સુધી નથી ઓસરતાં વરસાદી પાણી : ગામના બહારના ભાગમાં સર નામનો વિસ્તાર છે જે ચોમાસા દરમિયાન ટાપુનું રૂપ લઈ લે છે

રાજકોટ,તા.૨૩

૨૦૧૪ પહેલા દ્વારકાથી ૨૦ કિલોમીટર દૂર આવેલા ગઢેચી ગામમાં ઉનાળો આવતાં જ પાણી માટે બૂમરાણ થતી હતી. અહીં પૂરતા પ્રમાણમાં વરસાદ પડતો નથી જેના કારણે સ્થાનિકો ખેતી અને પીવાના પાણી માટે કાગડોળે ચોમાસાની રાહ જોતા હતા. હવે વિધિની વક્રતા જુઓ કે ગઢેચી ગામના રહેવાસીઓ વરસાદના વિચાર માત્રથી પણ ગભરાઈ જાય છે. ક્લાઈમેટ ચેન્જ એટલે કે આબોહવા પરિવર્તનના કારણે એક સમયે પાણીની તંગથી ઝઝૂમતા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પૂર જેવી સ્થિતિ સર્જાય છે અને ૧૨૫ પરિવારોના આ ગામમાં ત્રણ-ચાર મહિના સુધી છાતી સુધીના પાણી ભરાયેલા રહે છે. ગત વર્ષે આ જિલ્લામાં સરેરાશ વાર્ષિક ૧૪૪ ટકા વરસાદ પડ્યો હતો. ચાલુ વર્ષે ૨૧ જુલાઈ સુધીમાં સીઝનનો ૮૦ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. ભૌગોલિક દ્રષ્ટિએ ગઢેચીના ઊંધી રકાબી જેવા આકારના કારણે પૂર જેવી સ્થિતિ સર્જાય છે. પાણી બહાર નીકળવાનો કોઈ માર્ગ નથી અને નજીકના વિસ્તારોમાંથી સતત પાણી અંદર આવ્યા કરે છે. એક વખતે જે ખેતરોની જમીન એકદમ સૂકી રહેતી હતી તે હવે કેટલાક મહિનાઓ સુધી પાણીમાં ગરકાવ રહે છે જેના કારણે ખેડૂતો ખરીફ કે રવિ પાક નથી લઈ શકતા. લોકોના મકાનોમાં પણ ઘૂંટણ સમા પાણી ભરાઈ જાય છે જેના કારણે તેમને ના છૂટકે ગામની નજીકની સરકારી સૂકી જમીન પર આશરો લેવો પડે છે અથવા તો તેમના સગા-વહાલાને ત્યાં રહેવા જવું પડે છે. મહિનાઓ સુધી પોતાના ઘરથી દૂર રહેવાના કારણે વિદ્યાર્થીઓનો અભ્યાસ પણ બગડે છે. ગામના બહારના ભાગમાં સર નામનો વિસ્તાર છે જે ચોમાસા દરમિયાન ટાપુનું રૂપ લઈ લે છે. ગામના સ્થાનિક આગેવાન જેસલભાઈ સુમાણિયા આ મુદ્દો સત્તાધીશો સામે ઉઠાવી રહ્યા છે. તેમણે કહ્યું, "આ ગામના ૧૨૫ પરિવારોને તેમનું આખું ઘર અને ઢોર કોઈ કામચલાઉ જગ્યાએ અથવા તો સંબંધીના ઘરે લઈ જવા પડે છે. ચાર મહિના પછી જ્યારે પાણી સૂકાઈ જાય ત્યારે જ તેઓ પાછા ફરી શકે છે.

રાજકોટમાં લોખંડનો ગેટ માથે પડતા ચાર વર્ષની માસૂમનું મોત

આર્વી બીજા બાળકો સાથે મંદિરમાં રમી રહી હતી કે ત્યારે અચાનક કોઈએ ડેલો ખોલવાનો પ્રયાસ કર્યો હતો

રાજકોટ,તા.૨૩

રાજકોટ શહેરમાં દાદીની નજર સમક્ષ જ પૌત્રીનું મૃત્યુ નીપજ્યું હોવાની ઘટના સામે આવી છે. અંબાજી મંદિરનો લોખંડનો ગેટ માથે પડતા માસૂમ પૌત્રીને ગંભીર ઈજા પહોંચી હતી. જે બાદમાં બાળકીને સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવી રહી હતી. જોકે, હોસ્પિટલે પહોંચે તે પૂર્વે જ માસૂમે અંતિમ શ્વાસ લીધા હોવાનું સામે આવ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર રાજકોટ શહેરના કણકોટ રોડ પાસે આવેલા ક્રિસ્ટલ એવન એપાર્ટમેન્ટમાં રહેતી ચાર વર્ષની બાળાનું અકસ્માતમાં મૃત્યુ નીપજ્યું હોવાનું સામે આવ્યું છે. રવિભાઈ અને ફોરમબેનની એકની એક દીકરી પોતાના દાદી સાથે નિયમિત મંદિરે જતી હતી. ત્યારે ગુરૂવારના રોજ પણ પૌત્રી આર્વીને લઈ દાદીમાં અંબાજી માતાના મંદિરે ગયા હતા. આર્વી બીજા બાળકો સાથે મંદિરમાં રમી રહી હતી કે ત્યારે અચાનક કોઈએ ડેલો ખોલવાનો પ્રયાસ કર્યો હતો. ચારેક ફૂટનો ડેલો માસૂમ આર્વી પર પડતા તે ડેલા નીચે દબાઈ ગઈ હતી, જેના કારણે તેને ગંભીર ઈજા પણ પહોંચી હતી.

શ્રીજી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે મોરના પીંછાનાં હિંડોળા યોજાયા હતા. જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ દર્શનનો લહાવો લીધો હતો

૭૯ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કલોલ તાલુકામાં કલોલ અર્બનમાંથી ૨ ઉપરાંત ડિંગુચા ગામેથી ૬ કેસ તેમજ પાનસર ગામેથી પાંચ, રાંચરડામાંથી બે અને પલિયડ ગામેથી એક કેસ મળી આવેલ છે.

માણસા તાલુકામાં વેડા અને અલુવા ગામેથી એક-એક કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલા કેસ સાથે જિલ્લામાં એક્ટીવ કેસ ૧૬૦ છે. જે હાલ સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૨૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણ વધી રહ્યુ હોવાથી તંત્રની દોડધામ વધી છે. અંતરિયાળ વિસ્તારોમાંથી જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૩૪ કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૫ મહિલા દર્દી તેમજ ૬૦ થી વધુ વયના ૪ દર્દીઓનો સંક્રમિતોની યાદીમાં સમાવેશ થાય છે.

મહિલા દર્દીઓ તેમજ મોટી વયના અને ટીનેજર્સ દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે. હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો હોવાથી તેમજ રિકવરી રેટ ૯૦ ટકાથી વધુ હોવાથી તંત્રને રાહત છે.

સંક્રમણમાં રોજ નવા વિસ્તારોનો ઉમેરો થઈ રહ્યો હોવાથી તંત્રની દોડધામ વધી જવા પામી છે. ટેસ્ટીંગ ટ્રેકીંગ અને ટ્રીટમેન્ટની રણનીતિના અસરકારક અમલીકરણ માટે તંત્રએ તાકીદ કરી છે.

શહેરમાં આજે રાંધેજા તેમજ સે. ૨ માં ૫-૫ કેસ, વાવોલ, સે. ૪, સે. ૨૯ માં ૩-૩ કેસ, કુડાસણ તેમજ સે. ૨૨ માં ૨-૨ કેસ ઉપરાંત પેથાપુર, આઈઆઈટી, સરગાસણ, રાંદેસણ, રાયસણ, સે. ૨૧, સે. ૧, સે. ૫, ૨૩, ૩ અને ૩૦ માંથી કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસો મોટાભાગે લોકલ ટ્રાન્સમિશનથી નોંધાયા છે તેવુ જાણવા મળેલ છે. આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે વધુ ૨૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે નોંધાયેલા કેસ સાથે એક્ટીવ દર્દીઓની સંખ્યા ૧૭૫ પર પહોંચી છે. હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરવામાં આવી છે.

૧૩ દિવસમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વધુ વરસાદ કલોલમાં ૧૮૭ મી.મી. નોંધાયો છે. દહેગામમાં ૧૭૧ મી.મી., માણસામાં ૧૪૨ મી.મી. અને ગાંધીનગરમાં ૭૭ મી.મી. વરસાદ નોંધાયો છે.

ગાંધીનગર તાલુકામાં વરસાદની ઘટ છે જે ઘટ વધારે છે. તાલુકામાં સૌથી ઓછો વરસાદ નોંધાયો છે.

દરમ્યાન સ્ટેટ ઈમરજન્સી સેવા સેન્ટરના જણાવ્યા પ્રમાણે રાજ્યમાં ૫૧ થી ૧૨૫ મી.મી. વરસાદ થયો હોય તેવા ૭ તાલુકા છે. જ્યારે ૧૨૫ મી.મી. થી ૨૫૦ મી.મી. વરસાદ થયો હોય તેવા ૫૫ તાલુકા છે. ૨૫૦ થી ૫૦૦ મી.મી. વરસાદ થયો હોય તેવા ૧૦૧ તાલુકા છે અને ૧૦૦૦ મી.મી. થી વધુ વરસાદ થયો હોય તેવા ૨૭ તાલુકા છે.

ગાંધીનગર શહેર અને તાલુકામાં ઓછો વરસાદ છે. ઓવર એક્સલોઈટેશન કેટેગરીમાં તાલુકો આવે છે. ચોમાસુ ૨૦૨૦ની પેટર્ન મુજબ આગળ જરૂરી વધી રહ્યુ છે. પણ ગાંધીનગરમાં જ વરસાદની ઘટ છે. ગાંધીનગર તાલુકામાંથી પસાર થતી સાબરમતી નદીમાં પણ હજુ પાણી આવ્યુ નથી તેમજ તાલુકામાં જે ભૂગર્ભજળના સ્તર રિચાર્જ થવા જોઈએ તે થયા નથી.

સિનીયર સર્જન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમના જવાથી તબીબી જગતને ભારે મોટી ખોટ પડી છે. તબીબી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ એક માર્ગદર્શક ગુમાવ્યા છે. તેઓ તબીબી ઉપરાંત જર્નાલિઝમની માસ્ટર ડિગ્રીના ગોલ્ડ મેડાલીસ્ટ હતા. ચિંતક અને કેળવણીપ્રિય વ્યક્તીત્વના માલિક હતા.

સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા, પૂર્વ ધારાસભ્ય પોપટભાઈ પટેલ, હોસ્પિટલના પૂર્વ આર.એમ.ઓ. ડૉ. હસમુખભાઈ નાયક, આઈ.એમ.એ. ગાંધીનગરના પ્રમુખ ડૉ. અનીલ ચૌહાણ, મહેન્દ્ર ગજ્જર, ડૉ. રાજેશ શાહ, ડૉ. પિયુષ દવે સહિત ગાંધીનગરના તબીબો અને જાણીતા વેપારી અગ્રણીઓ કાળીદાસ પટેલ, જસવંતભાઈ મોદી, અંબરિષભાઈ વ્યાસ સહિતના આગેવાનોએ ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી પરિવારજનો પર આવી પડેલી વિપદાને સહન કરવાની પ્રભુ શક્તિ આપે તેવી પ્રાર્થના કરી છે.

વેરા વસુલાત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાકીદારો સામે આકરા પગલા લેવાનો પણ નિર્ણય લીધો છે. જેમાં બાકીદારોને નોટીસ આપી નિયત સમયના અંતે પણ વેરો નહીં ચુકવનારના જોડાણ કટ કરવા સુધીના પગલા લેવા માટે તંત્રએ તૈયારી કરી લીધી છે. એકબાજુ સ્માર્ટ સીટી અન્વયે શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે નવી લાઈન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે આ યોજનાના અંતે શહેરમાં મીટર પધ્ધતિથી પાણી સપ્લાય કરવામાં આવશે. જેના લીધે પાણીના વપરાશ સામે મીટર પણ દોડતુ રહેશે જેથી નગરજનોને પાણીનો ઉપયોગ કરવાની સાથે સામે ચુકવણુ પણ તગડુ કરવુ પડશે આ યોજનાના અમલીકરણ બાદ નગરજનોને પાણીની સાચી કીંમત સમજાશે તેમ પણ જાગૃત નાગરિકો માની રહ્યા છે. પાણી ગટર વેરના મામલે દર માર્ચ મહીનામાં તંત્ર કક્ષાએથી વળતર પણ ચુકવવામાં આવી રહ્યુ છે. પરંતુ વળતરનો લાભ મેળવી વેરો ચુકવવામાં પણ નિરસતા દાખવવામાં આવી રહી છે. જયારે પાણી ગટર વેરા મામલે તંત્રના જુના બાકીદારોનો આંકડો પણ મોટો છે. જયારે આ વસુલાત પુરી કરવા માટે હવે કડક પગલા લેવાય તેવી પણ સંભાવના છે.

લીલી ચાદર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ્યાં નજર કરો ત્યાં લીલુ ઘાસ જોવા મળી જાય છે. ઝરમર વરસતા વરસાદમાં અહીંથી પસાર થઈએ તો એકદમ ખુશખુશાલ બની જવાય એવુ સૌંદર્ય અહીં જોવા મળી રહ્યુ છે. લીલાછમ્મ ઘાસની વચ્ચેથી પસાર થતા રસ્તાઓ જાણે કોઈ હીલસ્ટેશન જેવા લાગી રહ્યા છે.

હાલમાં વરસાદે થોડોક વિરામ લીધો હોઈ વહેલી સવારે અને મોડી સાંજે આ માર્ગો પર ચાલવા આવનારાઓ અને ફરવા આવનારાઓની સંખ્યા વધી છે. મોર જેવા પક્ષીઓની અવરજવર અને તેમના ટહુકા વાતાવરણને વધુ મોહક બનાવી રહ્યા છે. આસપાસના સૌંદર્યને કેમેરામાં કંડારવા માટે

સ્થિતિ કથળી

● અનુસંધાન પહેલાનું ચાલુ

રિઝર્વ બેંકના આંકડા મુજબ ફોરેન કરન્સી એસેટ્સ ૬.૫૨ અબજ ડોલર ઘટીને ૫૧૧.૫૬ અબજ ડોલર રહી છે. તો બીજી બાજુ ગોલ્ડ રિઝર્વ પણ ૮૩ કરોડ ડોલર ઘટીને ૩૮.૩૫ અબજ ડોલર થયુ છે. સમિક્ષાધીન સપ્તાહમાં ઈન્ટરનેશનલ મોનેટરી ફંડમાં ભારતના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૧૫.૫ કરોડ ડોલર ઘટીને ૧૭.૮૫ અબજડોલર અને રિઝર્વ પોઝિશન ફણ ૨.૯ કરોડ ડોલર ઘટીને ૪.૯૩ અબજ ડોલર થઈ હતી.

ભારતનું ઈમ્પોર્ટ કવર ૮ જુલાઈની રોજ સુધીમાં ૮.૦૬ અબજ ડોલર ઘટીને ૫૮૦.૨૫ અબજ ડોલર થયુ હતુ. ઈમ્પોર્ટ કવર એટલે દેશની આયાત સંતોષી શકાય તેટલું વિદેશી ચલણનું ભંડોળ. તાજેતરમાં એવા અહેવાલ આવ્યા છે કે ડોલર સામે રૂપિયાને ઘટકો અટકાવવા માટે રિઝર્વ બેંક ૧૦૦ અબજ ડોલર ખર્ચી શકે છે, આ અહેવાલથી પણ ભારતીય ચલણ પર દબાણ વધી રહ્યુ છે.

અકસ્માત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તાજેતરમાં હાપુડના ડીએમએ આદેશ આપ્યો હતો કે ૨૨ થી લઈને ૨૬ જુલાઈ સુધી શિક્ષણ સંસ્થાઓને બંધ રાખવામાં આવે. આ ઉપરાંત મુરાદાબાદના ડીમ શૈલેંદ્ર કુમારે પણ કહ્યું હતું કે મુરાદાબાદ મહાનગરની શિક્ષણ સંસ્થા ૨૫ અને ૨૬ જુલાઈના રોજ બંધ રાખવામાં આવે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર ઘણા જિલ્લામાં કાવડીયાના લીધે સ્કૂલોમાં રજા આપવામાં આવી છે અને મેરઠમાં તો ચૌધરી ચરણ સિંહ વિશ્વવિદ્યાલયે એલએલબીનું પેપર પણ સ્થગિત કરવામાં આવ્યું છે. પહેલાં આ પેપર ૧૯ જુલાઈના રોજ થવાનું હતું. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે હાથરસમાં અકસ્માતની ઘટનામાં ૬ કાંવડિયાઓના મોત પર શોક પ્રકટ કર્યો છે. મુખ્યમંત્રીએ દિવંગતોની આત્માની શાંતિની કામના કરતા શોકગ્રસ્ત પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. તેમણે જિલ્લા પ્રશાસનના અધિકારીઓને ઈજાગ્રસ્તોની તાત્કાલિક સારવાર કરાવવાનો નિર્દેશ આપ્યો છે.